



# અનુપમની હે અમૃતધારા...!

~ સદ્ગુરુ સંત પરમ પૂજ્ય અશ્વિનદાદા
'શ્રીમદ્ ભગવદ્ ગીતા' પારાયણ,
અનુપમ મિશન, ઉપાસનાધામ, અમદાવાદ, ૨૬ જાન્યુઆરી, ૨૦૧૮,

(ગતાંકથી આગળ...)

**'ભાગવત'**માં જે શ્રેષ્ઠ નવધા ભક્તિની વાત કરી છે તે આત્મસમર્પણની વાત છે. આ વાત ગુણાતીતાનંદસ્વામીએ સીધી સાદી રીતે સમજાવી દીધી કે, 'હું ભગવાનનો ને ભગવાન મારા.' 'આપણે માયાના નથી, પણ ભગવાનના છીએ.' અને 'આપણે તો એક જ નિશ્ચય રાખવો કે અક્ષરધામમાં જાવું છે.' કેવી સરસ વાતો છે ! ગુણાતીતાનંદસ્વામીએ આ 'ગીતા'સારને ગામઠી ભાષામાં એક એક લીટીમાં એક એક અધ્યાયને સમજાવી દીધો છે. 'વચનામૃત' અને 'સ્વામીની વાતો' અદ્ભુત ગ્રંથ છે. મોડે સુધી ટી.વી. સિરિયલ જોવાને બદલે ભગવાનની વાણી સમજાય કે ના સમજાય, પણ બે-પાંચ પાન વાંચશો એટલે ભગવાન આપણી છાતી પર બિરાજમાન થશે અને તરત ઊંઘ આવી જશે. આ ઈલાજ કરવા જેવો છે.

ભગવાને મૃત્યુની વાતને બહુ સરસ રીતે સમજાવી. 'મનુષ્ય જેમ જૂનાં વસ્ત્રો ત્યજીને નવાં વસ્ત્રો ધારણ કરે છે, તેમ આત્મા દેહધારી શરીરનો ત્યાગ કરીને નવું શરીર ધારણ કરે છે. આત્મા અવિનાશી છે, અનાદિ અને સનાતન છે અને શરીર નાશવંત ને તુચ્છ છે'; તે વાત આ અધ્યાયમાં સમજાવી એટલે એને 'સાંખ્યયોગ' એમ નામ આપવામાં આવ્યું. 'ભગવદ્ ગીતા'નાં અઢારે અઢાર પ્રકરણને 'યોગ' નામથી સુશોભિત કર્યાં છે. જે-તે પ્રકારે ભગવાન સાથે જોડાયેલા રહો.

તમને શરીર વિજ્ઞાન વિષેની એક વાત કરીશ. નવ તત્ત્વ સનાતન છે. વૈદકીય ભાષામાં વાત, પિત્ત અને કફ; એ ત્રણ આપણી શરીરની પ્રકૃતિ છે. કોઈને વાયુપ્રધાન હોય, કોઈ કફપ્રધાન હોય ને કોઈ પિત્તપ્રધાન હોય. શરીરની અવસ્થા પ્રમાણે કુમાર અવસ્થામાં, યુવાન અવસ્થામાં અને વૃદ્ધ અવસ્થામાં આ વાત, પિત્ત ને કફનો પ્રકોપ જુદો જુદો હોય છે. આપણામાં ત્રણેય વસ્તુ વાત, પિત્ત અને કફ હોય, પણ જ્યારે જેનું પ્રમાણ વધે, ઉથલકો મારે ત્યારે તેનાં ચિહ્નો દેખાય અને એ રોગ થયો એવું નિદાન થાય.

એની સાથે આપણી પર બીજા ત્રણ ગુણનો પ્રભાવ છે. તમોગુણ, રજોગુણ અને સત્ત્વગુણ. એ ત્રણમાંથી જે ગુણનો પ્રભાવ હોય તે પ્રમાણે એ વ્યક્તિને તમોગુણ પણ વ્યાપે, રજોગુણ પણ વ્યાપે અને સત્ત્વગુણ પણ વ્યાપે. મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર. જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ. ભગવાને આ પિંડમાં આ બધું મિશ્રણ કરીને એવી રીતે નાખ્યું છે કે, આપણે આપણી શરીર અવસ્થાને સમતોલ કરીને ભગવાનમાં જોડવા માટેની સતત સાધના કરતા રહેવાનું છે. શરીરની ત્રણ અવસ્થા છે - જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ. આ ત્રણેય અવસ્થાઓમાં કર્મ થતું રહે છે. એ કર્મ પર પ્રભાવ પડે છે ગુણનો. રજોગુણથી કર્મો થાય છે, તમોગુણથી કર્મો થાય છે, સત્ત્વગુણથી કર્મો થાય છે. અને એ કર્મોનું જે ફળ - જે રાગ અને દ્વેષ, ગમતું અને નહિ ગમતું, મારું અને પરાયું; એ ભાવરૂપે પ્રગટ થાય છે.

આત્મા છે તે અનાદિ અને સનાતન છે, એનાથી આગળ ભગવાન શ્રી કૃષ્ણ અર્જુનને સમજાવે છે કે, 'તમે જેને મારો છો તે શરીરને મારો છો અને બધા તો મરેલા જ છે, કારણ કે, તેઓ ધર્મ ચૂક્યા છે.' જેમની સામે યુદ્ધ કરવાનું છે તે એકેએક પાત્રો મરેલાં છે. આ સંસારની અંદર પણ આપણે જીવતાં-જાગતાં-ફરતાં જે ધોકડાં જોઈએ છીએ, તે બધાં જો ધર્મ ચૂક્યાં છે, ભગવાન સાથેનું અનુસંધાન ચૂક્યાં છે તો તે જીવે છે તો પણ મરેલાં છે.

જે મુમુક્ષુઓ છે, સંયમી પુરુષ છે તે જ્યારે આખી દુનિયા ઊંઘે છે ત્યારે જાગે છે અને જેને વિષે આખી દુનિયા જાગે છે એટલે કે જે મેળવવા માટે દોડે છે તેને વિષે સંયમી પુરુષ ઊંઘે છે. આ જગતના જે જીવો આ શરીરસંબંધી સુખો માટે જીવી રહ્યા છે, તે સંયમી પુરુષની દૃષ્ટિએ, જ્ઞાનીપુરુષની દૃષ્ટિએ, ગુણાતીત સત્પુરુષની દૃષ્ટિએ એ બધા ઊંઘેલા છે.

સાહેબદાદા એમ કહે છે કે, ખરેખર જે સૂતો હોય એને ઉઠાડવો સહેલો છે, કારણ કે તે ભરનિદ્રામાં છે. તમે એનું નામ બોલશો એટલે એના સુષુપ્ત

મનમાં 'મને કોઈક બોલાવે છે' એ સંદેશો પહોંચશે અને એ તરત હોંકારો દેશે. પણ જે ઊંઘવાનો ઢોંગ કરી રહ્યો છે તેને ઉઠાડવો બહુ અઘરું પડે છે – આ આપણે છીએ. ખરેખર ઊંઘતા હોઈએ તો જગાડી દેવાનું કામ સહેલું છે, પણ જે ઊંઘવાનું નાટક કરી રહ્યા છે, મને બોલાવે છે એ હું સાંભળું છું, મને ખબર છે કે, મારે ઉઠવાનું છે, મને આ કામ સોંપ્યું છે તે બધું જ મને ખબર છે; પણ મારે એ કરવું નથી – એ અર્જુન છે. મારે લડવું નથી એટલે કે ઊંઘવાનો તે ઢોંગ કરી રહ્યો છે. અર્જુને પહેલા અધ્યાયમાં જે કંઈ પણ દલીલો કરી તે એની ઊંઘવાના ઢોંગની દલીલો હતી.

ભગવાન કહે છે, 'સુખ અને દુઃખ, લાભ અને નુકસાન, જીત અને હાર; ઈત્યાદિને સરખાં માનીને યુદ્ધ માટે તું તૈયાર થા. આમ લડવાથી તું પાપમાં નહિ પડે.' ભગવાન અહિંયાં પહેલી વખત પાપની સ્પષ્ટતા કરે છે.

મેં અગાઉ રુકિમણીની જે વાત કહી તેમાં, રુકિમણીને મુખ્ય રાણી–પટરાણી કેમ બનાવી ? કારણ કે, 'ભાગવત'માં એમ કહે છે કે, રુકિમણીનો જન્મ પ્રભુના પરમ તત્ત્વને વરવા માટે થયો હતો. એણે 'ભગવાનના પરમ તત્ત્વને વરું, નહિ તો કુંવારી રહું' તેવું પ્રણ લીધું હતું. રુકિમણી એક શરીરનું નામ છે, પણ રુકિમણીનો આત્મા પરમાત્મા સાથે એકરૂપ થવા માટે જ પ્રગટ થયેલો હતો, શરીરને ધારણ કરીને આવેલો હતો. મહંતસ્વામીમહારાજ આ સમજાવે છે કે, 'પોતાની જાતને અક્ષર માનો. અક્ષર – આત્માને પરમાત્મા સાથે જોડવા માટે હું એનો દાસ છું, એનો ભક્ત છું, એનો સેવક છું એવી રીતે ભક્તિ કરો.' સ્વામિનારાયણ ભગવાને 'શિક્ષાપત્રી'માં પણ 'નિજાત્માનં બ્રહ્મરૂપં દેહત્રય વિલક્ષણં...' શ્લોકમાં આ જ વાત કહી છે. તમે કોઈ પણ શાસ્ત્ર લો, પણ છેવટે વાત તો આ જ આવશે. યોગીબાપાએ જશુભાઈસાહેબને નાનપણમાં શિખવાડેલી ધૂન 'સ્વામી અને નારાયણ, અક્ષર અને પુરુષોત્તમ, બ્રહ્મ અને પરબ્રહ્મ, આત્મા અને પરમાત્મા'માં પણ આ સનાતન સિદ્ધાંત છે.

બ્રહ્મ અને પરબ્રહ્મ. બ્રહ્મરૂપે રહીને પરબ્રહ્મની ઉપાસના કરો. જ્યાં સુધી તમે બ્રહ્મરૂપનો ભાવ પોતાની જાતને વિશે લાવતા નથી, ત્યાં સુધી પ્રભુ તમારી ભક્તિનો સ્વીકાર કરતા નથી. આપણે દેહના ભાવમાં છીએ અને દેહના ભાવથી ભક્તિ કરીએ છીએ એટલે દેહના ભાવ સુધી જ ભક્તિ પહોંચે છે. ભગવાનને નવડાવીએ, ધોવડાવીએ, શણગાર સજાવીએ, સામગ્રી લાવીને ભોગ ધરાવીએ છીએ. જે મને જોઈએ છે તે ભગવાનને જોઈએ છે તેમ માનીને ભગવાનને લાડકોડ કરીએ છીએ અને ભગવાન પણ આપણને લાડકોડ કરીને મનવાંછિત ફળ ને આશીર્વાદ આપતા રહે છે. આ ભક્તિમાર્ગ જે આપણને મહાપ્રભુજીએ શિખવાડ્યો અને એ માર્ગે શરીરના ભાવમાંથી ઉપર ઊઠીને બ્રહ્મના ભાવમાં જઈને, પરબ્રહ્મ તત્ત્વ સાથે એકરૂપ થવા માટેની વાત સુધી પહોંચવા માટે શિખવાડ્યું.

આ ઉપાસનાની પરંપરાને ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્વીકારી અને આજે આપણા બોચાસણવાસી અક્ષરપુરુષોત્તમ સંસ્થાના એક સાધુ પૂ. ભદ્રેશસ્વામીએ 'શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના'ના સિદ્ધાંતને કાશીના પંડિતો પાસે માન્ય કરાવ્યો. એ સિદ્ધાંત 'બ્રહ્મરૂપ થઈને પરબ્રહ્મની ઉપાસના કરવી.' બ્રહ્મરૂપ થયો એટલે જેટલું રાજાનું રાજ્ય એટલામાં રાણીનું રાજ્ય. એમના જેટલી સત્તા, સામર્થી, ઐશ્વર્ય, પ્રતાપ આવ્યો હોવા છતાંય પણ હું પુરુષોત્તમનો દાસ છું, સેવક છું, તેમનું દીધેલું ખાઉં છું; આ શરણાગતભાવ, દાસત્વભાવ અર્જુનમાં લાવવા માટે ભગવાનને બહુ લાંબી કથા કરવી પડે છે.

આત્મા અનાદિનો સનાતન છે, એ બળતો નથી, મરતો નથી, કપાતો નથી એમ ઘણી બધી રીતે તેનું વર્ણન કર્યું છે. જે જાય છે તે શરીર જાય છે અને શરીર તો બધાનું જવાનું છે. એટલે 'હું મારું છું' તેવો કર્તાપણાનો તેને ભાવ છે તે મૂકાવવા માટે ભગવાન કર્મયોગનો સિદ્ધાંત સમજાવે છે.

ત્રીજો અધ્યાય 'કર્મયોગ'નો છે. અર્જુન કહે છે, 'હે જનાર્દન ! આપના મત પ્રમાણે કર્મ કરતાં જો જ્ઞાન ચડિયાતું હોય તો પછી, હે કેશવ ! તમે મને ભયંકર કર્મો તરફ શા માટે દોરો છો ?' હજુ એને એમ જ છે કે, મારા હાથે આ બધો અત્યાચાર ને હિંસા કરવા ભગવાન શાને માટે મને પ્રેરી રહ્યા છે ? એટલે ભગવાનને તે ફરીથી પ્રશ્ન પૂછે છે. અને ભગવાને સ્ટેટમૅન્ટ પણ એવાં કર્યાં છે કે, આપણે તેને બુદ્ધિથી પામવા જઈએ તો પામી શકાય તેમ છે નહિ. 'સાંખ્યયોગ' આમેય અઘરું શાસ્ત્ર છે.

'કર્મયોગ'ના ત્રીજા અધ્યાયમાં કર્મના માધ્યમ દ્વારા પણ ભગવાન સાથે જોડાયેલા રહો તે વાત આવે છે. ગુણાતીતાનંદસ્વામીએ એમની વાતોમાં કહ્યું કે, 'એમ ન માનતા કે આપણે નવરા બેઠા છીએ.' ગુણાતીતાનંદસ્વામી જૂનાગઢ મંદિરના મહંત હતા. ત્રણસો સાધુ મંદિરમાં રહે. ગુણાતીતાનંદસ્વામી સવારે ભગવાનના ઉત્થાપનની મંગલા આરતી અને ભગવાનના શણગારની આરતી થાય એ બે વચ્ચેના સમયમાં સભામંડપમાં બેસે. પોતે નાહ્યા–ધોયા વગરના હોય અને નાહ્યા–ધોયા વગરના સાધુ–સંતો એમની સામે આવીને ગોઠવાઈ જાય. એટલે કેટલાક પોતાના મનથી નાહી–ધોઈને પવિત્ર થયાના ધર્મને માનનારા જૂનાગઢના જ સંતો એમ કહે કે, 'આ મસાણિયા સવારના પહોરમાં નાહ્યા–ધોયા વગર બેસી ગયા છે.' એમને મન સવારે ઊઠીને નહાવું, ધોવું, શરીર સ્વચ્છ કરવું અને પછી મંદિરમાં જઈને પ્રભુનાં શ્રી દર્શન કરવાં તે તેમણે માનેલો ધર્મ હતો. ત્યારે ગુણાતીતાનંદસ્વામી એમ કહેતા કે, 'ભલે લોકો ગમે તે કહે, પણ આપણે અહીં નવરા બેઠા નથી. આપણે અહીં બેઠા છીએ તો અનેક જન્મો ઉપર લીટા તાણીએ છીએ. ચોરાશી લાખ યોનિમાં આત્મા શરીર બદલતો બદલતો મનુષ્ય શરીરના માળખામાં આવ્યો છે. અને હજુ પણ જો ઊર્ધ્વગતિને નહિ પામીએ તો અનેક માતાના ઉદરમાં જઈને ફરીથી જન્મ ધરવાનો છે. એ જે ગર્ભવાસનું દુઃખ છે તેની પર આપણે લીટા તાણીએ છીએ.'

તમને સ્પષ્ટતા કરીશ કે, 'ગીતા'નું જે છેલ્લું સ્ટેટમૅન્ટ છે એ સંજય દ્વારા થાય છે. સંજય ધૃતરાષ્ટ્રને કહે છે, 'યત્ર યોગશ્વર: કૃષ્ણો, યત્ર પાર્થ ધનુર્ધરઃ।

તત્ર શ્રી વિજયો ભૂતિધ્રુવ નીતિર્મતિ ર્મમ ॥' 'જ્યાં યોગેશ્વર ભગવાન શ્રી કૃષ્ણ છે અને જ્યાં ધનુર્ધારી અર્જુન છે, ત્યાં શુભ, વિજય, વિભૂતિ, અચળ નીતિ છે જ એવો મારો મત છે.' આપણા જીવનમાં પણ પહેલા ભગવાન જોઈશે. 'યત્ર યોગેશ્વરઃ કૃષ્ણો' – અહિંયાં ભગવાન શ્રી કૃષ્ણ માટે 'યોગેશ્વર' શબ્દપ્રયોગ છે. યોગેશ્વર – અઢાર યોગ જેની સાથે કરવાનો છે તે અથવા એ અઢાર યોગ જે કરાવી આપી શકે તેમ છે તેવા શ્રી કૃષ્ણ. કર્મયોગની વાત સમજવી હોય તો આ શ્લોકનો અર્થ સમજવો પડે. જ્યાં યોગેશ્વર ભગવાન શ્રી કૃષ્ણ છે અને જ્યાં ધનુર્ધારી અર્જુન છે – ભગવાન શ્રી કૃષ્ણ હોય પણ ગાંડિવ ઘરે મૂકીને અર્જુન આવે ને એમ કહે કે, મને યુદ્ધ જિતાડો તો યુદ્ધ કેવી રીતે જિતાય ? તો જેને આપણા ફાળે આવેલો સ્વધર્મ કહીએ છીએ તેનું પાલન કરવા માટે આપણે જે પુરુષાર્થ કરવાનો છે તેને ગાંડિવની સાથે સરખાવ્યું છે. અર્જુન એકલો નહિ, શસ્ત્ર સહિતનો અર્જુન. અને પોતાના બળે નહિ, ભગવાન શ્રી કૃષ્ણની સહાયથી–એટલે શ્લોકમાં પહેલા કૃષ્ણને મૂક્યા. બધી યોગકળાઓ જેના કાબૂમાં છે, જેની સત્તામાં છે, જેનું ધાર્યું થાય છે, જેની ઇચ્છા પ્રમાણે થાય છે એવા શ્રી કૃષ્ણ જ્યાં છે અને એમની બાજુમાં પુરુષાર્થ કરવા માટે અર્જુન ઊભો છે; એ બે જ્યાં હોય ત્યાં વિજય નિશ્ચિત છે.

પહેલા અધ્યાયમાં અર્જુન બેસી ગયો છે. ગાત્રો ઢીલાં પડી ગયાં છે. લડવું નથી એવું જ્ઞાન કથે છે. એને ભગવાને હવે ઊભો કર્યો છે અને લડવા માટે તૈયાર થયો છે. અને જ્યાં જ્યાં અર્જુન ઢીલો પડ્યો ત્યાં ભગવાને પોતે પોતાની કળા–લીલા બતાવીને અર્જુનને ફરીથી હવા ભરીને એના હાથે જ સઘળાં કર્મો કરાવડાવ્યાં. પણ એવી રીતે કર્મ કરાવ્યાં કે જેનો પાશ કે બંધન ના લાગે. એવાં કર્મ કર્યાં છતાં પણ મોક્ષની પ્રાપ્તિ થાય.

'કર્મયોગ'ની વાત કરીએ તો, સંન્યાસીઓએ કશું કામ જ નહિ કરવું એમ સમજીને કર્મનો ત્યાગ કરી દીધો. હાથમાં માળા લઈ, પગ પર પગ ચડાવીને 'ધ્યાનયોગ' સિદ્ધ કરી જપ્યા કરવું, બાકી જગતનું જે થવાનું હોય તે થાય ! એમ સાંખ્યમતને પરિણામે ભારતીય સંસ્કૃતિનો, આપણા ધર્મોનો આપણે ઇતિહાસ જોઈએ તો કર્મત્યાગનું પ્રાધાન્ય વધી ગયું. ભગવાને તો એવો ઉપદેશ આપ્યો છે કે, 'એ કર્મ હું કરું છું' એ કર્તાપણાનો ભાવ ટાળો. 'હું કરું છું તો જે ફળ મળ્યું તેનો હું અધિકારી છું' એ અધિકારનો ભાવ ટાળો. આપણે કર્મ કરવાનું છે, પણ 'હું કરું છું' તે ભાવ ટાળીને, ફળની અપેક્ષા ટાળીને. ભગવાને એટલે અર્જુનને કહ્યું કે, 'કર્તાપણાનો ભાવ તું ટાળ.'

'રાખનાં રમકડાં... મારા રામે રમતાં રાખ્યાં રે...' એવું નાના હતા ત્યારે બહુ સુંદર મજાનું ગીત સાંભળેલું. બધાં રાખનાં રમકડાં છે. પંચભૂતમાંથી પેદા થયેલું આ ધોકડું અંતે રાખમાં–પંચભૂતમાં મળી જવાનું છે. એને હાલવા–ચાલવાની જે શક્તિ છે, એના દાતા પ્રભુ તમે છો ! નાના હતા ત્યારે કઠપૂતળીના ખેલમાં રાજા–રાણી અને લડાઈનાં દશ્યો એ બધું જોયેલું. પણ એનો નચાવનાર, એને લડાવનારો, એને જિતાડનારો, એને મારનારો ઉપર પેલો દસ આંગળીવાળો હતો. બંને હાથની પાંચ–પાંચ આંગળીમાં દોરીઓ બાંધી હોય તેનાથી રાજા–રાણીને પરણાવે પણ ખરા, એમને ઝઘડો પણ કરાવે, લશ્કર પણ આવે, યુદ્ધ પણ થાય ને રાજા જીતે ને રાજાની વિજયયાત્રા નીકળે; એ બધી આખી સ્ટોરી આ દસ આંગળીના ખેલથી થાય. એમ, પાંચ જ્ઞાનેન્દ્રિયો ને પાંચ કર્મેન્દ્રિયોના માધ્યમ દ્વારા આપણો બધો ખેલ થતો રહે છે. પાંચ જ્ઞાનેન્દ્રિયો અને પાંચ કર્મેન્દ્રિયોને પ્રભુપ્રીત્યર્થે વાપરીએ તો કર્મયોગ સિદ્ધ થાય.

એક લીટીમાં કહીએ તો, 'હે પ્રભુ ! તારું કાર્ય, તારી રીતે અને એકમાત્ર તને રાજી કરવા માટે થાય' એ થયો કર્મયોગ. પછી બોલવાની, સાંભળવાની, જમવાની, હરવા–ફરવાની, પહેરવા–ઓઢવાની જે પણ ક્રિયા હોય, એમાં મારા ગુરુનું અનુસંધાન છે અને તેઓ રાજી થાય તેવો ભાવ છે; તો એ પ્રસન્નતા જીવનને આનંદ અને ઉમંગ, હર્ષ અને ઉલ્લાસથી ભર્યું ભર્યું જીવવાની કળા છે. પણ પેલો કર્તાપણાનો ભાર છે ને એટલે જેમ ગાડા નીચે કૂતરું ચાલતું હોય અને કૂતરું એમ માને કે કેટલો બધો ભાર હું વહન કરું છું; બસ એ માન્યતામાં આપણે જીવીએ ને ભાર લઈને ફર્યા કરીએ અને પાછા કોઈ સામે મળે તો ભારેખમ થઈને એની સાથે વ્યવહાર કરીએ ત્યારે આપણી ઋષિસંસ્કૃતિની, જીવન–ઉલ્લાસની જે વાત છે, એનાથી આપણે કોઈ જુદી દિશા તરફ જઈ રહ્યા છીએ.

જે દસ ઇન્દ્રિયોની વાત કરી તે ભગવાન કહે છે કે, કોઈ પણ વ્યક્તિ એક ક્ષણ માટે પણ કર્મ કર્યા વિના રહી શકતી નથી. બધા જ લાચારીથી અને પ્રકૃતિમાંથી ઉત્પન્ન થયેલા ગુણો દ્વારા જ કર્મો કરે છે. 'કાયેન વાચા મનસેન્દ્રિયૈર્વા, બુદ્ધ્યાત્મના વા પ્રકૃતેઃ સ્વભાવાત્ । કરોમિ યદ્યત્સકલં પરસ્મૈ નારાયણાયેતિ સમર્પયામિ॥' મારાં મન–બુદ્ધિ–ચિત્ત–અહંકાર, મારી માન્યતા, મારી રુચિ, પ્રકૃતિ, મને મળેલા સંસ્કાર; એ બધાંના પ્રભાવથી કંઈ ને કંઈ કર્યા વગર આપણે રહી શકતા નથી. આપણને એમ લાગે કે, આપણે હાથ–પગથી ક્રિયા કરતા નથી, પણ આપણા મનથી આપણે ઘણી ક્રિયાઓ કરી ચૂકીએ છીએ અને પછીથી આપણે હાથ–પગ દ્વારા એને ઍક્શનમાં મૂકીએ છીએ.

ભગવાન એમ કહે છે કે, 'કર્મ કર્યા વગર કોઈ રહી શકતું નથી. તો કશુંક તો કરો, ને કરો તો સારું કરો, શુભ કર્મો કરો, કલ્યાણમય કર્મોમાં જોડાવ.' અને એટલે આપણને ભક્તિ શિખવાડી. મહાપ્રભુજીએ આ કર્મો કરવાની વાતને ભક્તિમાં ઢાળી દીધી. ભક્તિ કરો, ભગવાનને પોઢાડો, ઉઠાડો, નવડાવો, વસ્ત્ર–અલંકાર પહેરાવો, ભોગ ધરાવો. 'મારા લાલાને આ ભાવશે, મારા લાલાને આ જોઈશે' તેવું અનુસંધાન રાખી ઋતુ ઋતુ પ્રમાણે શણગાર સજાવો, ઋતુ ઋતુ પ્રમાણે સામગ્રી લાવીને જમાડો. પુષ્ટિમાર્ગના માધ્યમ દ્વારા મહાપ્રભુજીએ આખી ભક્તિ પરંપરા ઍસ્ટાબ્લિશ કરી આપી. અને ભગવાન સ્વામિનારાયણે એને આધાર તરીકે લઈને વિશિષ્ટ શુદ્ધિના માર્ગે મૂકી.

ભગવાને કહ્યું કે, 'કોઈ પણ વ્યક્તિ એક ક્ષણ માટે પણ કર્મ કર્યા વિના રહી શકતી નથી.' ભગવાનનું સ્ટેટમૅન્ટ છે એને તમે બહુ ગંભીરતાથી વિચારજો કે, તમે કશું કર્મ કર્યા વગર રહી શકો છો ? મેં તો ઘણા સાધકો જોયા છે. શ્રી હરિઃૐમ આશ્રમની મૌનમંદિર કુટિરમાં જે લોકો બેસવા જાય છે, તેમણે બહારની દુનિયા સાથેનો બધો સંપર્ક કાપી નાખવાનો. ડબલ શટરની બારી હોય તેમાં બહારથી પાણી અને ખોરાક મૂકે અને ખટખટાવીને બંધ કરી દે એટલે તમારે અંદરનું શટર ખોલીને પાણી ને ખોરાક લઈ લેવાનાં. નહિ છાપું, નહિ રેડિયો, નહિ ફોન – કશું જ નહિ. તમે અને તમારા પરમાત્મા. અને પછી માણસો જે ગભરાય છે, ધ્રુસકે ને ધ્રુસકે રડે છે, પાગલ જેવા થઈ જાય છે અને દશ દિવસ માટે કુટિરમાં બુકિંગ કર્યું હોય પણ ત્રીજે દિવસે ધક્કો મારીને દરવાજો ખોલીને બહાર નીકળી જાય છે. કરવા જેવો આ પ્રયોગ છે કે, કર્મ કર્યા વગર કેવી રીતે રહી શકાય છે ! મનને ભગવાનમાં કેવી રીતે જોડી શકાય છે ! કારણ કે, ટેવ જ પડી નથી. ઇંન્દ્રિયોને એટલી બધી બહાર વિસ્તારી છે કે, એને અંદર સંકેલવી અઘરી છે. સઘળી ઇન્દ્રિયોને અંદર ખેંચી લઈને ભગવાનમાં ચોવીસે કલાક મન રાખવાની વાત છે તે મોટામાં મોટું ને અઘરામાં અઘરું સાધન છે. સ્વામિનારાયણ ભગવાને પહેલા જ વચનામૃતમાં નિર્દેશ કરી દીધો છે કે, 'જેનું મન ભગવાનમાં અખંડ રહે છે તેને બીજું કાંઈ પ્રાપ્ત કરવાનું રહેતું નથી.' વિચાર કરજો, કરી જોજો, કશું કર્યા વગર રહેવાશે નહિ. એટલે ભગવાને બહુ ઑથેન્ટિકલી અહિંયાં કહ્યું છે કે, કોઈ પણ વ્યક્તિ – એમાં સંન્યાસી પણ આવી ગયા ને સંસારી પણ આવી ગયા; એક ક્ષણ માટે પણ કર્મ કર્યા વગર રહી શકતી નથી. અને કર્મ કરે છે તે કેવી રીતે કરે છે, તો લાચારીથી, પ્રકૃતિને આધીન અને એનાથી ઉત્પન્ન થયેલા રજોગુણ, તમોગુણ અને સત્ત્વગુણના માધ્યમ દ્વારા કર્મ કરે છે.

આપણી બધી ક્રિયાઓ છે તે પેલા નવ મિશ્રણના પ્રભાવ હેઠળ થાય છે. વાત, પિત્ત ને કફ એ શરીરની પ્રકૃતિ છે, એની સાથે આ શરીર આપણે ધારણ કર્યું છે. મન, બુદ્ધિ, ચિત્ત ને અહંકાર. એમ, આપણું એક અંગ હોય છે– બુદ્ધિનું –સમજણનું અંગ, પ્રેમનું–પ્રીતિનું અંગ અથવા તો દાસત્વભક્તિનું–સેવાભક્તિનું અંગ; એ પ્રમાણે દરેક વ્યક્તિની પ્રકૃતિ હોય છે. કોઈ પ્રેમલક્ષણા ભક્તિથી ભગવાનની સાથે જોડાય, કોઈ જ્ઞાન ને સમજણથી ભગવાનની સાથે જોડાય, કોઈ ભગવાનના ભક્તોની સેવા–પરિચર્યા કરીને–મંદિર વાળવું–ચોખ્ખું કરવું, વાસણ ધોવાં, પાથરણાં પાથરવાં, મહેમાનોની–ભક્તોની આગતા–સ્વાગતા કરીને ભગવાનની સાથે જોડાય. મીરાંબાઈએ કહ્યું કે, મને મંદિરમાં ઝાડુ વાળવાનું કામ આપજો તોય બહુ છે–એ બહાને પણ મને ભગવાનનાં દર્શન પ્રાપ્ત થશે. મીરાંબાઈ ભક્તિની પરાકાષ્ઠા ! પણ એમણે માંગ્યું શું ? કે, 'મને ચાકર રાખોજી.' મંદિરનો ચોક વાળીશું, પણ અનુસંધાન મારો લાલો, બંસીધર, યોગેશ્વર, અંદર જે બેઠો છે તેનાં દર્શન તો પામીશું ! ઝાડુ વાળવાની કિંમત શું ? તો એનું દર્શન !

અર્જુનમાં સમજણ, પ્રીતિ અને વિશ્વાસ એ ત્રણેયનું મિશ્રણ છે. તે વારંવાર શંકા કરે છે અને વારંવાર ભગવાનને પ્રશ્નો પૂછે છે. એક રીતે ભગવાને સમજાવ્યું તે ના સમજાયું તો બીજી રીતે પૂછે છે અને એમ કહે છે કે, 'આવું કદાચ અમે ના કરી શકીએ તો બીજું શું કરીએ ?' તો પછી ભગવાન બીજી રીત શિખવાડે છે. પણ અર્જુને આપણા વતીથી ભગવાનને બધું પૂછી લીધું છે. બુદ્ધિના અંગવાળા માટે એટલે કે જ્ઞાનમાર્ગે, પ્રેમના માર્ગે અને વિશ્વાસ–સેવાના માર્ગે ચાલનારા માટે. આ ત્રણ પણ શરીરની પ્રકૃતિ સાથે મન–બુદ્ધિ–ચિત્ત–અહંકારના ચોકઠામાં બેઠેલો શરીરનો ભાવ છે. અને એની ઉપર ત્રીજા ત્રણ જે ગુણ છે તે – તમોગુણ–નિમ્ન, રજોગુણ–મધ્ય અને સત્ત્વગુણ–ઉપર; આ ત્રણ પ્રકારના ગુણ છે. જેને આપણે સંપ્રદાયની ભાષામાં ગુણાતીત સંત કહીએ છીએ, એ પેલા વાત–પિત્ત ને કફ અને બુદ્ધિ, પ્રીતિ અને દાસત્વના માધ્યમ દ્વારા શરીર દ્વારા ક્રિયા કરે છે, પણ ત્રણ ગુણના ભાવથી જે ઉપર ઊઠી ગયા છે તેને ગુણાતીત સંત કહેવાય છે. એમની ક્રિયા તામસિક નથી, રાજસિક નથી, સાત્ત્વિક પણ નથી એટલે એમને ગુણાતીત કહેવાય છે. આવા ગુણાતીત સંત શરીરના માધ્યમથી જ જીવતા હોય છે, ગુણના ભાવથી ઉપર ઊઠી ગયા હોવા છતાંય પણ એ આત્માએ જે શરીર ધારણ કર્યું છે તે શરીરનો પ્રભાવ દેખાડે છે. એટલે આપણને શિખામણ આપવામાં આવે છે કે, મોટા પુરુષની ક્રિયાને વિષે મનુષ્યભાવ લાવવો નહિ.

આ ત્રણ, ત્રણ ને ત્રણ યાદ રાખવા જેવી વાત છે. શરીરની પ્રકૃતિના ત્રણ ભાવ – વાત, પિત્ત ને કફ. અધ્યાત્મમાર્ગે ગુરુ અને પ્રભુ સાથે જોડાવા માટેનાં ત્રણ અંગ – સમજણ, પ્રીતિ અને દાસત્વની પ્રકૃતિ. જે સ્વામિનારાયણ ભગવાને 'વચનામૃત'માં સમજાવી છે ને કહ્યું છે કે, સૌએ પોતપોતાના અંગમાં રહીને ભક્તિ કરવી. અને ભગવાન શ્રી કૃષ્ણ પણ અર્જુનને અહિંયાં કર્મયોગ કરવાના માધ્યમ દ્વારા અંગમાં રહીને ભક્તિ કરવાની વાતને સમજાવે છે કે, 'તું ક્ષત્રિય છે અને તું સાધુની ભાષા બોલી રહ્યો છે એટલે તને કોઈ સંન્યાસી કે સાધુ નહિ ગણે, પણ લોકો તને બાયલો કહેશે, કાયર કહેશે.' એમ આપણે પણ ઘણી વખત આપણા સ્વધર્મમાંથી ડગી જઈએ છીએ અને ઊછીનું જ્ઞાન લઈને આપણને ફાવતું આવે તેવું ગોઠવી દઈએ છીએ. ને પછી સમજીએ છીએ કે, અમે જે કરી રહ્યા છીએ તે બરાબર કરી રહ્યા છીએ, પણ એ આપણે સ્વધર્મને ચૂક્યા છીએ.

અહિંયાં ભગવાન શ્રી કૃષ્ણ માટે એક શબ્દ વાપરવામાં આવ્યો છે, અચ્યુત ! જે ચ્યુત–ચલિત થતા નથી, ખસી જતા નથી, ડગી જતા નથી. જ્યારે અર્જુન ચ્યુત થઈ ગયો છે. તે ક્ષત્રિય છે, ઘણા બધા દિવસોથી યુદ્ધ કરવાની તૈયારીઓ કરી છે. તમે અમારા પક્ષે આવજો કહીને કેટલા બધા રાજાઓ–મહારાજાઓને બોલાવ્યા છે. કેટલા બધા હાથી, રથ, ઘોડા, સૈનિકો બધા પૂર્વતૈયારી વગર થોડા જ ભેગા થાય ? પણ જ્યારે લડવાનું આવ્યું ત્યારે ફૂસ થઈ ગયો એટલે કે પોતાને સોંપવામાં આવેલા સ્વધર્મમાંથી ચ્યુત થયો

છે. ભગવાન અચ્યુત છે અને જે અચ્યુતની સાથે જોડાય છે તે અંતે અચ્યુત બનીને રહેશે તે પણ ભગવાનના આશીર્વાદ છે. જે સ્થિર છે તેની સાથે જોડાવાથી અસ્થિર અને જેનું મન ભટકીને ભમી રહ્યું છે તે સ્થિર થાય છે.

મંદિરમાં શ્રી ઠાકોરજીની સામે આવીને બેસવાની આવશ્યકતા એ છે કે, હું ભટકતો ભટકતો સ્થિર થવા માટે, જે સ્થિર છે તેની સામે આવીને બેઠો છું. હે દયાળુ ! હે કૃપાળુ ! મને પણ તમારા જેવો સ્થિર કરો, તમારા સુખે સુખિયો કરો. મંદિર એટલે મનની અંદર ઊંડે ઉતરવાનું સ્થાન. મંદિરમાં મારા પ્રભુ બિરાજમાન છે, મારા ઇષ્ટદેવ બિરાજમાન છે, ત્યાં ગમે તેટલો ઉચાટ ને અજંપો લઈને આવ્યો હોય પણ અહિંયાં આંદોલનો-વાઈબ્રેશન્સ છે. નામસ્મરણ, રટણ, ભજન, કીર્તન થાય છે અને પ્રભુની વાહ વાહ એટલે કે એમની લીલાનું ગાન થાય છે; તો એ વિરામનું સ્થાન છે, આરામનું સ્થાન છે. સાહેબદાદા તો ત્યાં સુધી કહે છે કે, 'કથામાં ઊંઘ આવે તો ઊંઘી જજો પણ કથામાં આવજો. તમારા શરીરને અહીં લઈ આવો અને એને પરાણે બેસાડો. ભલે રસ ના પડે, સમજણ ના પડે તો ઊંઘી લેજો, ઝોલું મારી લેજો, છૂટ્ટી છે.' પણ આ વિરામનું સ્થાન છે, તો ઑટોમૅટિક આરામ તો મળી જવો જોઈએ. આ બધું ભગવાન 'ગીતા'નાં અલગ અલગ માધ્યમ દ્વારા આપણને સમજાવી રહ્યા છે.

કર્મ જો આપણે કર્યા વગર રહી જ નથી શકતા તો આપણા હાથે શુભ કર્મો થાય. અને શુભ કર્મો કરવાં હોય તો ઇન્દ્રિયોને શુદ્ધ ને પવિત્ર કરવી પડે, મનને ભગવાન સાથે જોડવું પડે ને અનાસક્તભાવ લાવવો પડે. કર્તાપણાના ભાવ માટે ભગવાને ટકોર કરી છે કે, 'બધું હું કરું છું તેવું શેનો માની લે છે ? 'હું કરું, હું કરું એ જ અજ્ઞાનતા, શકટનો ભાર જેમ શ્વાન તાણે.'

'કર્મયોગ'ના સિદ્ધાંત પ્રમાણે કર્તાપણાના ભાવનો ત્યાગ કરીએ, કર્મફળની આસક્તિ ના રાખીએ અને ત્રીજો ભાવ જે ધન્યતાનો ભાવ કે, ભગવાને મને મોકો આપ્યો ! ભગવાને આ ધોકડાને સેવા માટે વાપર્યું ! હું ના કરત તો બીજા ગમે તેની મારફતે ભગવાન કરાવત, પણ ભગવાને મને પસંદ કર્યો ! એ ધન્યતા જ્યાં પ્રગટી, ત્યાં એ માધ્યમ બન્યો, દાસ બન્યો, સેવક બન્યો. 'હું અક્ષર છું' એટલું માનવાથી પતતું નથી, પણ 'પુરુષોત્તમનો દાસ છું' એવું માનીએ ત્યારે સિદ્ધાંત પૂરો થાય છે. પણ નિઃસ્વાર્થ અને નિરપેક્ષ પ્રેમ જેની પાસેથી મળ્યો છે એવા સદ્‌ગુરુ સંત અને પ્રભુની રસઘન મૂર્તિ એમાં જ સઘળું સમાયું છે, તે વાત કર્મયોગના માધ્યમ દ્વારા અમે વ્રતધારી સાધકો તરીકે, ભગવાં વસ્ત્ર ને સંન્યસ્ત આશ્રમને બદલે કર્મયોગનો માર્ગ અમે લીધો છે એટલે આ પ્રકરણ અમારા વ્રતધારી સાધક ભાઈઓ માટે બહુ અગત્યનું પ્રકરણ છે. અને 'જેવાં જેનાં કર્મો તેવું તેનું ફળ', 'જેવું વાવશો, તેવું લણશો' એમ જે આપણા વડીલોએ કહ્યું છે, એ કર્મફળની વાત પણ ભગવાન શ્રીકૃષ્ણ આ અધ્યાયમાં સમજાવે છે.

તેઓ કહે છે કે, 'પ્રકૃતિ જ ગુણો દ્વારા બધાં કર્મો કરવાવાળી છે. પણ અહંકારી મૂઢ જીવ 'હું કર્તા છું' એમ માને છે.' ભગવાને સ્પષ્ટ કહી દીધું છે. એટલે 'હું કરું છું' તેમ માનનારા પહેલામાં પહેલા અહંકારી છે. સાહેબદાદા પાસેથી યોગીબાપાની સ્થિતિ માટેનો એક બહુ સુંદર શબ્દપ્રયોગ સાંભળ્યો છે : 'અહંશૂન્ય વ્યક્તિ.' તેઓ એક વ્યક્તિ છે, મનુષ્ય શરીરમાં છે, અને મેં કહ્યું એમ, વાત-પિત્ત ને કફની શરીરની પ્રકૃતિ છે પણ દાસત્વભાવના અંગથી એમણે પોતાના ગુરુદેવ શાસ્ત્રીજીમહારાજની પ્રસન્નતાને અર્થે આયખું ઓગાળી દીધું છે, ગુણથી ઉપર ઊઠી ગયેલા છે. તેઓ છે ગુણાતીત ગુરુ અને એમની સામે આપણે અહંકારી. અને અહંકાર છે એ જ મૂઢપણું છે. મૂઢપણુંને તમોગુણ સાથે સીધો સંબંધ છે. મૂઢપણું-જડતાની અવસ્થા છે. કેમ કરે છે ? શાથી કરે છે ? કોણે કહ્યું એટલે કરે છે ? એનાથી શું ફાયદો થવાનો છે ? કોને ફાયદો થવાનો છે ? આ કશુંય વિચાર્યા વગર મૂઢપણે ક્રિયા કર્યા કરે. બસ, મન થઈ ગયું એટલે કર્યું. આ મનની મૂઢતાની અવસ્થા છે. ભગવાન અહિંયાં કહે છે કે, 'અહંકારી અને મૂઢ જીવ 'હું કર્તા છું' એમ માને છે. કિંતુ, હે મહાબહો ! ગુણ અને કર્મોના વિભાગમાં ગુણો જ ગુણો દ્વારા વર્તી રહ્યા છે એમ માનીને તત્ત્વજ્ઞાની ગુણોમાં આસક્ત થતા નથી.' હવે, આપણી વાત કે આપણે શું કરવાનું છે તે. 'અધ્યાત્મમાં ચિત્ત પરોવીને, કર્મફળ મને અર્પણ કરીને, આસક્તિ અને મમતા ત્યજીને, ત્યાગરહિત થઈને તું વાસનાઓ સામે યુદ્ધ કર.' ભગવાને સામેવાળા જોડે યુદ્ધ કરવાનું કીધું નથી, પણ અંદર રહેલી વાસનાઓ સાથે યુદ્ધ કરવાનું કહ્યું છે.

'તને જે તાવ આવ્યો છે - નહિ લડવાનો, એને ખંખેર' એ વાત ભગવાન એને કહે છે કે, રોગરહિત થા અને રોગરહિત થા એટલે રાગરહિત થા. એટલે સંન્યસ્ત આશ્રમ માટે બહુ સુંદર શબ્દ છે 'વિતરાગ' - 'વૈરાગ્ય.' જે વિતરાગી થયો, તેને સાચો વૈરાગ્ય આવ્યો. 'તને જે આ કર્મમાં પ્રવૃત્ત રાખે છે અને તું સવારથી સાંજ સુધી લાકડાની તલવાર લઈને જે લડે રાખે છે અને જ્યાં ક્યાંય તને વિજય પ્રાપ્ત થતો નથી ને તારા દુશ્મનો હણાતા નથી; એની સામે તું યુદ્ધ કર. અને જે મનુષ્યો શ્રદ્ધાવાળા છે ને અદેખાઈથી મુક્ત છે, વળી મારા આ નિયમોનું સદાય અનુકરણ કરે છે તે લોકો પણ કર્મના બંધનથી મુક્ત થાય છે. જેઓ મારા અભિપ્રાયનો દોષ કાઢીને તેનું અનુકરણ નથી કરતા તેઓ જ્ઞાન વગરના મૂઢ આત્માઓ છે, તેમનો નાશ જ છે તેમ તું જાણ. એટલે સામેવાળા - એમનો નાશ જ છે એમ તું જાણ. એ મરેલા જ છે. તારા શરીરના માધ્યમ દ્વારા તું મારી રહ્યો છું એવું તને લાગે છે પણ કર્તાપણાનો ભાવ ટાળ.'

અહિંયાં ભગવાન બહુ સુંદર સ્ટેટમૅન્ટ કરે છે : 'જ્ઞાની પણ પોતાના સ્વભાવ પ્રમાણે વ્યવહાર કરે છે.' મને બધું જ્ઞાન છે, હું બધું જાણું છું, ક્યાં જવાથી શું નુકસાન અને ક્યાં જવાથી ફાયદો તે મને બધું ખબર છે; તો પણ સ્વભાવ અને પ્રકૃતિને આધીન ભૂત-પ્રાણીમાત્ર પ્રકૃતિના વશમાં છે અને એમાં તારો દોષ નથી. જ્ઞાની પણ પોતાના સ્વભાવ પ્રમાણે વ્યવહાર કરે છે.

ભૂત-પ્રાણીમાત્ર પ્રકૃતિના વશમાં છે, ત્યાં તારી હઠ શું કરશે ? માટે ઈન્દ્રિયોને પોતપોતાના વિષયો પ્રત્યે રાગ-દ્વેષ હોય જ. મનુષ્યને એ રાગ-દ્વેષના વશમાં ન આવવું જોઈએ કારણ કે, આ બંને મનુષ્યના કલ્યાણના માર્ગના શત્રુઓ છે. બીજાનો ધર્મ ચડિયાતો દેખાય, તોપણ પોતાનો નકામો દેખાતો ધર્મ જ ઉત્તમ છે.' અહિંયાં ધર્મ એટલે સંપ્રદાય નહિ, પણ અહિંયાં ધર્મ એટલે સ્વધર્મ. મારો આત્માનો ધર્મ, પરમાત્મા સાથે અંતે એકરૂપ થઈ જવાનો ધર્મ. પણ એ શેમાં રહીને બજાવવાનો ?

પેલી નવની વાત કરતો હતો તેને વિજ્ઞાનની ભાષામાં સમજવું હોય તો, ત્રણ શરીરની અવસ્થા, ત્રણ એ અવસ્થામાં ભગવાનની ભક્તિ કરવા માટેનાં અંગ અને એના ઉપર ત્રણ ગુણનો પ્રભાવ-તમોગુણ, રજોગુણ ને સત્ત્વગુણ. એવું ભગવાને આ નવનું મિશ્રણ બનાવીને દરેક ધોકડાની અંદર, જીવ-પ્રાણીમાત્રમાં નાખી દીધું છે. આ નવે નવ તમારામાં છે કશુંક વધતું-ઓછું. અને કશુંક પ્રૉમિનન્ટ અને બીજું સબ-ઑર્ડિનેટ. અને એ પ્રમાણે તમે કર્મ કરો છે. તો આ નવનું કૉમ્બિનેશન મારા-તમારા બધામાં છે જ. એટલે એને નવધા ભક્તિ સાથે જોડેલ છે. ભક્તિનાં નવ પગથિયાં ને હું લઈને આવેલો આ નવની જે ઍસેટ મારી, ઈટ કેન બિકેમ ઍ લાયબિલિટી ઑલ્સો. ઍસેટ છે, પણ જો તમે એને સવળી રીતે ના વાપરો તે એ લાયબિલિટી થઈ જાય. બુદ્ધિ એ ઈશ્વરે આપેલી એક શક્તિ છે, પણ એને જો સવળી રીતે ના વાપરીએ તો ગમે તેવું ભાંગફોડનું કામ પણ એ જ બુદ્ધિના માધ્યમ દ્વારા કરે.

તમે વિચાર કરો કે, અમેરિકાનાં બે ટાવર જે તોડ્યાં તેમાં કેટલું કેલ્ક્યુલેશન. એના બાંધનારાએ જે કેલ્ક્યુલેશન કર્યું હશે તેના કરતાં કયા મજલા પર કેટલો ઈમ્પૅક્ટ આપીએ તો આખી ઈમારત કડડભૂસ થઈને પડે. ને એના માટે એમણે આખું પેટ્રોલનું ટેન્ક ફૂલ ભરેલું ઍરલાઈનનું ફ્લાઈટ લીધું ને એ મજલા પર જઈને અથડાવ્યું કે, આખું બિલ્ડિંગ કડડભૂસ થઈને પડ્યું. તે કંઈ બુદ્ધિ વગર થયું હશે ? પણ એકે બુદ્ધિ વાપરી જેનાથી એ ટાવરનું સર્જન થયું, બીજાએ બુદ્ધિ વાપરી જેનાથી એ ટાવરનો વિનાશ થયો. આપણી આંખો સામે જ, આપણા સમયમાં આ બધું બન્યું છે અને આપણે પણ એ જ બધું કરતા આવ્યા છીએ અને કરી રહ્યા છીએ. ત્યારે ભગવાન એમ કહે છે કે, 'બીજાનો ધર્મ ચઢિયાતો દેખાય, તોપણ પોતાનો નકામો દેખાતો ધર્મ જ ઉત્તમ છે. નકામો નથી, પણ તમને એમ લાગે કે, આ વ્રતધારી ભાઈઓ કેવા જલસા કરે છે ! કશું કામ કરવાનું નહિ, ગાદી પર બેસીને કથા કરવાની ને આપણે સવારથી સાંજ સુધી વૈતરાં કરવાનાં.

એટલે સ્વામિનારાયણ ભગવાને એક વચનામૃતમાં લખ્યું કે, 'સંન્યાસીઓ છે એમને એમ થાય છે કે, આ ગૃહસ્થો કેવી મોજમજા ને ટેસ કરે છે ને સાલું આપણે બધા નિયમ-ધર્મ પાળવાના ! અને સંસારીઓ છે એમને એમ થાય છે કે, આ સંન્યાસીઓ કેટલા સુખી ! એમને કાંઈ કરવાનું નહિ ને એમને બેઠા રોટલા મળે.' એટલે 'Grass is always green on the other side.' બાજુવાળાનો ગાર્ડન, એની લોન આપણને લીલીછમ લાગે છે. હંમેશાં માણસને અસંતોષ, અસંતોષ ને અસંતોષ. એટલે આગળ ભગવાને કહ્યું કે, 'કોનાં કર્મોનો હું સ્વીકાર કરું છું ? જે મનુષ્યો શ્રદ્ધાવાળા છે અને અદેખાઈથી મુક્ત છે, વળી મારા નિયમોનું સદાય અનુકરણ કરે છે તે લોકો પણ કર્મના બંધનથી મુક્ત થાય છે.' હુંય મુક્ત અને મારા કહેવાથી આવા ભાવથી જે કર્મ કરે છે તે પણ મુક્ત. એટલે આપણે આપણા સત્સંગને જીવનમુક્તનો સત્સંગ કહીએ છીએ અને બધાને અક્ષરમુક્તો કહીએ છીએ. માનવા અઘરા છે, પણ કહીએ છીએ.

'બીજાનો ધર્મ ચડિયાતો દેખાય, તોપણ પોતાનો નકામો દેખાતો ધર્મ જ ઉત્તમ છે. પોતાનો ધર્મ પાળતાં મૃત્યુ થાય તો પણ સારું છે. પરધર્મનું આંધળું અનુકરણ ભયાનક છે.' અર્જુન પૂછે છે કે, 'ઇચ્છા ન હોવા છતાંય મનુષ્ય કોની પ્રેરણાથી પરાણે પાપ કરે છે ?' ભગવાન કહે છે, 'રજોગુણમાંથી ઉત્પન્ન થયેલ કામ, ક્રોધ તારા શત્રુઓ છે. ભોગોથી એ તૃપ્ત ન થનારા મહા પાપીઓ છે. અને તું એમને જ તારા શત્રુ માન. જેમ અગ્નિ ધુમાડાથી,અરિસો મેલથી અને ગર્ભ ઓરથી ઢંકાયેલો છે તેમ કામનાઓથી જ્ઞાન ઢંકાયેલું છે. હે કાંતેય ! કદીય ધરાય નહિ એવો આ કામરૂપી અગ્નિ તારો હંમેશાંનો શત્રુ છે. એનાથી જ્ઞાનીનું જ્ઞાન પણ ઢંકાયેલું રહે છે.'

કેટલાક દાર્શનિકોએ એમ કહ્યું છે કે, 'સત્ય એ સત્ય જ છે, પણ અસત્ય વડે એનું મુખ ઢંકાઈ ગયું છે. અને અસત્યને જ સત્ય માની લઈને, ધારી લઈને આપણે સત્યની શોધમાં નીકળ્યા છીએ. સત્યરૂપ પરમાત્મા અને સત્યરૂપ પરમાત્મા સાથે જેની એકરૂપતા થઈ છે તેવા સદ્ગુરુ જ એ દ્વારને ઉઘાડું કરે છે. અને ત્યારે અંદરથી સત્ય પ્રકાશિત થાય છે.' એટલે સત્પુરુષને 'મોક્ષનું દ્વાર' કહ્યા - 'મોક્ષ દ્વાર અપાવૃતમ્.' એવા પ્રગટ સત્પુરુષ, સદ્ગુરુ આપણા સૌનાય માટે, આપણા સમાજને માટે ગુરુહરિ સાહેબદાદા એ મોક્ષનું દ્વાર છે. સત્ય એ સત્ય છે અને સત્યરૂપ પરમાત્મા સનાતન છે, પણ એને આપણે આપણા મનથી માનેલાં અસત્યોથી ઢાંકી દીધું છે, પણ એને આપણે સત્ય માનીએ છીએ. મારી વ્યાખ્યા, મારી સમજણ, હું કરું એ બધું સાચું કારણ કે, એની સાથે 'હું' જોડાયેલું છે અને એટલે એ સત્ય અસત્ય વડે ઢંકાઈ ગયું છે. પ્રગટ સત્પુરુષ-ગુણાતીત ગુરુ-સદ્ગુરુ એને અપાવૃતમ્ - એ બધાંને દૂર હટાવીને, અંદર પડેલા આત્માના પરમ પ્રકાશને પ્રજ્વલિત કરે છે.

અક્ષરપુરુષોત્તમ ઉપાસનામાં ભદ્રેશ સ્વામીએ આ વાત સમજાવી છે. અને એ જ્ઞાન, એના માર્ગે આપણે આગળ ચાલીશું. **(તૃતીય અધ્યાય સમાપ્ત...)**

સહજાનંદસ્વામીમહારાજની જય... ◆

(ક્રમશઃ)